॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

॥ श्रीः ॥


# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**


॥ श्री महाकाली प्रसन्नास्तु ॥




વર્ષ : ૧૬ અંક : ૧૮૨ તા.૧૫-૦૩-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


## અભિનંદન



**વલસાડના આપણી જ્ઞાતિના શ્રી હેમંતભાઈ કંસારાની વલસાડ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના સતત બીજી ટર્મ માટે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ છે તે બદલ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તથા સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને તેઓ જ્ઞાતિના ઉત્કર્ષ માટે સદાય મદદરૂપ થશે તેવી અભ્યર્થના.**


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

|| જય ગોપાલ ||

# || શ્રદ્ધાંજલી ||



**સ્વ.અક્ષયકુમાર નવનીતરાય કાણકિયા**

જન્મ.તા.૧૦.૦૮.૧૯૭૪ સ્વ.તા.૨૩.૦૨.૨૦૨૫ ના સંવત ૨૦૮૧ ના મહા વદ ૧૦ ને રવિવાર

આપનો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ,
ધાર્મિકતા, સર્વ સાથે આત્મીયતા, સદ્‌ભાવના સાથેની પ્રેરણા,
એ પરિવાર ક્યારેય ભુલશે નહી,
આપ અમારી સાથે જ છો અને ક્યારેય ના વિસરાય
એવી સ્મૃતિમાં અંકીત છો.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

| | |
|---|---|
| **ચીમનલાલ પ્રભુદાસ કાણકિયા** | **સ્વ. ભાનુમતિબેન ચીમનલાલ કાણકિયા** |
| **નવનીતરાય પ્રભુદાસ કાણકિયા** | **સ્વ. મંજુલાબેન નવનીતરાય કાણકિયા** |
| **સ્વ. ચંદ્રકાન્ત પ્રભુદાસ કાણકિયા** | **ગં.સ્વ. નિરંજનાબેન ચંદ્રકાન્ત કાણકિયા** |
| **સ્વ. અશોકભાઈ પ્રભુદાસ કાણકિયા** | **ગં.સ્વ. પ્રફુલાબેન અશોકભાઈ કાણકિયા** |

## પ્રભુદાસ ગિરધરલાલ કાણકિયા
## પરિવાર મહુવા

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
# (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

**: પ્રમુખશ્રી :**
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

**: સલાહકાર મંડળ :**
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

**: માનદ્ તંત્રી :**
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

**: સંપાદક મંડળ :**
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

**: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:**
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

ચાલુ મહિનામાં આવનાર હોળી - ધુળેટીના તહેવારો એટલે "રંગોનો તહેવાર એટલે ધુળેટી" રંગ અને હર્ષોલ્લાસના પવિત્ર પર્વ ધુળેટીની આપ સૌને રંગભરી હાર્દિક શુભકામનાઓ.

સતરંગી રંગોના તહેવાર ધુળેટીના શુભ દિવસે આપ સૌનું જીવન ગુલાલના રંગોની જેમ હંમેશા રંગીન બની રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...!!!

ચાલુ મહિનામાં ધોરણ ૧૦ અને ધોરણ - ૧૨ ની પરીક્ષાઓનો અંતિમ તબક્કો પૂરો થઈ જશે, અને તમામ પરીક્ષાર્થીઓની પરીક્ષાઓના પ્રશ્નપત્રો ખુબજ સારા ગયા હશે તેવી અપેક્ષા રાખું છું. અને દરેકને મન ચાહત સફળતા મળે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

તદુપરાંત ચાલુ મહિનાથી સમાજના પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોની પણ પરીક્ષાઓ અત્યારે ચાલુ થઈ ગઈ છે. ત્યારે આ પરીક્ષાઓનાં તમામ પરીક્ષાથી વિદ્યાર્થીની ભાઈ-બહેનોની હું સફળતા ઈચ્છું છું. અને તેઓ સફળ થઈ અને તેઓના શિક્ષણની કારકિર્દીમાં પ્રગતિના સોપાન સર કરે તેવી મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

વિશેષમાં સમસ્ત કંસારા સમાજના આજીવન સભ્યોનો ડેટાબેઝ સુધારવા માટેનું જે અભિયાન હાલમાં ચાલુ છે તે અભિયાનમાં દરેક કારોબારી સભ્યશ્રીઓ પૂરો રસ દાખવી અને પોતાના વિસ્તારના આજીવન સભ્યોનો ડેટા બેઝ વેળાસર અપડેટ કરવા કરવા સહકાર આપે, તેમજ જે ગામે આજીવન સભ્યો પૈકી જે આજીવન સભ્ય હાલ હયાત નથી તેવા સભ્યનું કંસારા ટાઈમ્સ બંધ થવાને પાત્ર છે. જેથી તેવા પરિવારોમાંથી વધુ એક એક સભ્યો જરૂરી ફી ભરી નવા આજીવન સભ્ય નોંધાય એવા પ્રયત્ન કરી અને નવા આજીવન સભ્યોની સંખ્યામાં વધારો થાય અને નવા આજીવન સભ્યો દ્વારા આ સમાજની પ્રવૃત્તિઓને વધુ ઉત્તેજન અને ગતિ મળે તેવા પ્રયત્નો કરી તેઓનો સાથ - સહકાર મળી રહે તેવા પ્રયત્નો કરશો તેવી હું અપેક્ષા રાખું છું. તેમજ સમાજનો મુખ્ય હેતુ એટલે કે, ઓ.બી.સી. વેળાસર સમાજને મળે તેવા સઘન પ્રયનો માં સહકાર મળી રહે તેવી અપેક્ષા રાખું છું. વિશેષ માં તા ૦૨-૦૩-૨૦૨૫ ના રોજ અખિલ જય વિશ્વકર્મા દાદા ફાઉન્ડેશન ઓફ પંચાલ દ્વારા અમદાવાદ (નરોડા) મુકામે કંસારા - પંચાલ - લુહાર - વિગેરે જ્ઞાતિઓનાં યુવાનોને આ યોજના હેઠળના કાર્ડ આપવાનો કેમ્પ રાખવામાં આવેલ હતો. જેમાં કંસારા જ્ઞાતિના કેટલાક યુવાનોએ તેનો લાભ લીધો હતો. પરંતુ આવો કાર્યક્રમ આ સંસ્થાના નેજા હેઠળ થાય અને કંસારા જ્ઞાતિના સભ્યો વધુ લાભ લઈ શકે, તેવા પ્રયત્નો માટે અમે પ્રયત્નશીલ છે. અને એ કાર્યક્રમ સમાજ સમક્ષ શક્ય તેટલો વહેલો, આ કાર્યક્રમ મુકાય એવા અમો હંમેશા પ્રયત્ન શીલ છીએ. જે આપ સૌને હું વિદિત કરું છું.

સર્વે જ્ઞાતિજનોને, મારા જય શ્રી કૃષ્ણ,- જય માતાજી - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129


**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# મેરેજ બ્યુરો

– અનંતભાઈ શેઠ : ૯૬૩૮૨૨૫૫૩૩, હસમુખભાઈ ખાખી : ૯૮૨૫૩૦૭૧૫૧

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરોની સ્થાપના ૨૦૧૪ ની વસંત પંચમીના શુભ દિવસે થયેલ આજે ધીમે ધીમે સશક્ત બની ૧૦ વર્ષ પૂર્ણ કરી અગીયારમાં વર્ષમાં હરણફાળ ભરી આગળ વધી રહી છે. આદર પામી રહી છે. સાથો સાથ ૨૦૧૫ ના વસંત પંચમીના દિવસે ઓન લાઈનમેરેજ બ્યુરોની વેબ સાઈટ શરૂ કરેલ છે. જેથી દર ત્રણ વર્ષે યોજાતા યુવા-યુવતી પરિચય મેળાનું સફળતા પૂર્વક સંચાલન કરી કંસારા સમાજના વિવિધ ગોળ ઘટકના લગ્ન ઈચ્છુક યુવા-યુવતીઓના પસંદગીના જીવન સાથી મેળવવામાં મદદરૂપ થવાનું ગૌરવ અનુભવે છે. બહુજ ઓછા ઓનલાઈન મેરેજ બ્યુરો સતત ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી સંચાલન કરવામાં સફળ રહેલ છે.

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરોના કાર્યને કંસારા સમાજના દરેક ગોળ ઘટક તરફથી પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યુ છે. તેને કારણે ''સમસ્ત કંસારા મેરેજ બ્યુરો'' સશક્ત બની આગળ વધી તેના કાર્યો કરી રહ્યું છે.

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરો દ્વારા સમસ્ત કંસારા જ્ઞાતિના ગોળ ઘટકના દરેક લગ્ન ઈચ્છુક યુવા-યુવતી રૂા. ૫૦૧/- ની ફી ભરી ઓનલાઈન નામ નોંધાવી શકે છે. રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જે ''રજીસ્ટ્રેશન'' ત્રણ વર્ષ સુધીનું હોય છે. તેમજ મેરેજ બ્યુરો દ્વારા દર ત્રણ વર્ષે થતા સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરો દ્વારા યુવા-યુવતી પરિચય મેળાનું આયોજન થાય છે. તેમાં પણ ઉપરોક્ત નોંધણી કરાવેલ સભ્યોને લાભ લેવાનો અવસર મળે છે.

તા. ૦૭-૦૧-૨૦૨૪ ના રોજ આજ પ્રકારે સમસ્ત કંસારા સમાજ મેરેજ બ્યુરો દ્વારા સમસ્ત કંસારા જ્ઞાતિના યુવા-યુવતીના નવમાં ''પરિચય મેળા''નું આયોજન કરવામાં આવેલ હતું. જેના ઉત્કૃષ્ટ પરિણામ સ્વરૂપે ઘણા બધા જ્ઞાતિના યુવા-યુવતીના સંબંધો બંધાયાના સમાચાર જાણવા મળેલ છે.

સમસ્ત કંસારા સમાજ દ્વારા સંચાલીત મેરેજબ્યુરો કાર્યરત છે. અને ઉપરોક્ત નવમાં પરિચય મેળામાં ભાગ લેવામાં વંચીત રહી ગયેલ આશરે ૫૦ થી વધુ ઉમેદવારોએ અત્યાર સુધી રજીસ્ટ્રેશન કરાવેલ છે. આજની તારીખમાં કુલ ૪૬૬ યુવા-યુવતીના રજીસ્ટ્રેશન થયેલ છે. તેઓ ઘરે બેઠા યોગ્ય પાત્રની પસંદગી માટે ઓન લાઈન મેચીંગ પ્રોફાઈલ જોઈને લાભ મેળવી રહ્યા છે.

જે ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે. તેઓ "WWW.SAMASTKANSARA.COM" વેબ સાઈટ ખોલી પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન કરીને ત્રણ વર્ષ માટે રૂા. ૫૦૧/- ફી ઓન લાઈન સમસ્ત કંસારા સમાજના ખાતામાં જમા કરાવીને એડમીન (મો. : ૯૮૨૫૬૦૭૧૫૧) હસમુખભાઈ ખાખીને જાણ કરવાથી ઉમેદવારોનું ઓન લાઈન રજીસ્ટ્રેશન એકટીવેટ કર્યા બાદ ઉમેદવાર પોતાની સંપૂર્ણ પ્રોફાઈલ ભરી રજીસ્ટ્રેશન પૂર્ણ થતા તેઓ અન્ય મેચીંગ પ્રોફાઈલ ઘરે બેઠા જોઈ શકશે.

નવમાં પરિચય મેળામાં ભાગ લીધેલ જે ઉમેદવારોએ પોતાની પ્રોફાઈલ પૂર્ણ રીતે ભરેલ નથી તેઓને વિનંતી કે તેઓ પોતાની પ્રોફાઈલ લોગીનમાં જઈ સંપૂર્ણ રીતે ભરીને નવા નોંધાયેલ ઉમેદવારોની પ્રોફાઈલ જોઈ શકશે. જેઓએ પોતાનો પાસવર્ડ નથી બનાવ્યો તેઓ યુઝર આઈ.ડી.માં પોતાનો મેલ એડ્રેસ અને પાસવર્ડમાં આપેલ મોબાઈલ નંબર નાખી લોગીન થઈ શકશે.

**ખાસ સૂચના :** જે ઉમેદવારોએ પ્રોફાઈલ પૂર્ણ નહી ભરે ત્યાં સુધી તેઓ નવા ઉમેદવારોની પ્રોફાઈલ જોઈ શકશે નહિ. આથી દરેક ઉમેદવારોએ પોતાની પ્રોફાઈલ પૂર્ણ ભરવી ફરજીયાત તથા અનિવાર્ય છે.

જે ઉમેદવારોને પ્રોફાઈલ પૂર્ણ કરવામાં તકલીફ પડે તો એડમીનના વોટસએપ પર શેર કરવા વિનંતી.

**એડમીન શ્રી હસમુખભાઈ ખાખી મો. : ૯૮૨૫૩૦૭૧૫૧**

**ખાસ નોંધ :** સમસ્ત કંસારાના ભળતા નામે ઓનલાઈન ''વિડિયો પરિચય મેળો'' અને ઓન લાઈન ફોર્મ ભરાવીને જે લોભામણી જાહેરાત આપી જે સંસ્થાઓ ઉભી કરેલ છે. તેવી સંસ્થા સાથે ''સમસ્ત કંસારા'' સમાજને કોઈ લેવા દેવા નથી. અવાર-નવાર સમસ્ત કંસારા સમાજની ઓફીસમાં આ અંગે ફોન દ્વારા પૂછપરછ કરવામાં આવે છે. માટે આ ખુલાસો કરવો અનિવાર્ય છે.

**''આભાર''**

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં રજીસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા

(૧) "WWW.SAMASTKANSARA.COM" વેબ સાઈટ ખોલવી

(૨) મેટ્રોમોનિયલમાં ક્લીક કરી રજીસ્ટ્રેશનમાં જવું.

(૩) રજીસ્ટ્રેશન ફોર્મમાં બધી વિગત સાચીને પૂરી બરવી, મેલ એડ્રેસ એકટીવ હોવું જરૂરી છે. પાસવર્ડ તમારે બનાવી યાદ રાખવો જરૂરી છે. રજીસ્ટ્રેશન કોડમાં કેપીટલ અક્ષરમાં SAMAST લખવું. કેપ્ચા ક્લીક કરી Sign up બટન પર ક્લિક કરવું તે બાદ તમને તમારા ઈમેઈલ આઈડી પર વેરિફિકેશન ઈમેઈલ આવશે જેમાં લિંક પર ક્લિક કરવાનું રહેશે. જેથી તમારું ઈમેઈલ આઈડી પર વેરિફિકેશન કંપલીટ થશે.

(૪) આટલી પ્રક્રિયા બાદ સમાજના બેંક એકાઉન્ટમાં રજીસ્ટ્રેશનના પૈસા રૂા. ૫૦૧/- જમા કરાવ્યા પછી, પોંચ નો ફોટો પાડીને અમને મોકલવાનો/વોટસએપ કરવાનો રહેશે. જેથી અમે વેરિફાઈડ કરીને તમારા એકાઉન્ટને એડમીન પરવાનગી આપશે.

(૫) તમારું ઈમેઈલ આઈડી પર વેરિફિકેશન સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હશે અને તમારું એકાઉન્ટ ને એડમીન પરવાનગી આપેલ હશે પછી તમે લોગીન કરી શકો છો. જેમાં યુઝર આઈ.ડી. તમારૂ મેલ એડ્રેસને પાસવર્ડ તમોએ સેટ કરેલો લખવાનો રહેશે. ત્યાર બાદ ફોર્મની બાકીની પ્રોફાઈલની વિગત જેવી કે ફેમીલી ઈન્ફોર્મેશન, હોરોસ્કોપ તથા પ્રોફેશનલ ટિડેઈલ વિ. વિગત પૂરી ભરી પાસપોર્ટ ફોટો અપલોડ કર્યા બાદ જ રજીસ્ટેરશન પુરૂ થયેલ ગણાશે અને ઓનલાઈન પ્રોફાઈલ જોઈ શકાશે ને તમારી પ્રોફાઈલ અન્ય જોઈ શકશે.

**નોંધ :** અત્યાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોમાં અમુક ઉમેદવારોએ ઉપર મુજબના સ્ટેપ (૫) ની વિગતો ભરી નથી આથી તેઓ કે તેમની પ્રોફાઈલ અન્ય જોઈ શકતા નથી તો સત્વરે રજીસ્ટ્રેશન પૂર્ણ કરવા વિનંતી.

**હસમુખભાઈ એલ. ખાખી - મો. : ૯૮૨૫૦૭૧૫૧**

### સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો

સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં ઉમેદવારોએ ફોર્મ ભરીને બે ફોટા સાથે રૂા. ૫૦૧/-નો ચેક "સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)" ના નામનો લખીને સમાજની ઓફીસ પર મોકલી આપવો. અથવા સમાજના ઉપરોક્ત નામના બેંક એકાઉન્ટ નંબર ૧૦૫૪૨૯૦૫૫૦૦ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ IFS Code : SBIN0060129 માં ભરીને અથવા SBI ની કોઈપણ શાખામાં ભરીને વોટસએપ નંબર ૯૩૭૪૬૪૫૬૬૯ (ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારા) અને નંબર ૯૮૨૫૩૦૭૧૫૧ (મેરેજ બ્યુરો શ્રી હસમુખભાઈ ખાખી)ને અચુક જાણ કરવી.

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧,૧૦૦/- | કંસારા નટવરલાલ બાબુલાલ - અમદાવાદ - કંસારા નટવરલાલ બાબુલાલ તરફથી શુભેચ્છા. |
| રૂા. ૫૦૧/- | કંસારા રાજેન્દ્રભાઈ મણીલાલ મેવચા - રાજકોટ - સ્વ. મણિલાલ રણછોડદાસ મેવચાના સ્મરણાર્થે શુભેચ્છા ભેટ. |
| રૂા. ૫૦૦/- | પ્રકાશ એનોડાઈઝીંગ વર્કસ - મોરબી - સિહોર નિવાસી ગૌ.વા. જયેશભાઈ આણંદજી બુચની સુપુત્રી ચિ. અમીના લગ્ન (મોરબી મુકામે) શુભેચ્છાના |
| રૂા. ૫૦૦/- | પ્રકાશ એનોડાઈઝીંગ વર્કસ - મોરબી - કંસારા મુકુલભાઈ વલ્લભદાસના સુપુત્ર ચિ. હર્ષના લગ્ન (સિહોર મુકામે)શુભેચ્છા ભેટ. |
| રૂા. ૨૫૦/- | ગૌ.વા. કિરકણકુમાર બાબુલાલ સંઘવી પરિવાર - સિહોર - ગૌ.વા. કિરણકુમાર બાબુલાલ સંઘવીના સ્મરણાર્થે |
| રૂા. ૨૫૦/- | નટવરલાલ વલ્લભદાસ કાગડા - રાજકોટ - સ્વ. મધુબેન નટવરલાલ કાગડાના સ્મરણાર્થે. |
| રૂા. ૨૫૦/- | ખાખી પ્રવિણભાઈ પરસોત્તમદાસ - સુરેન્દ્રનગર - પ્રવિણભાઈ પરસોત્તમદાસ ખાખી પરિવાર તરફથી શુભેચ્છા ભેટ |

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.



# વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાાતિ દ્વારા કુળદેવી શ્રી મહાકાળી માતાજીનો માણેક-પાટોત્સવ ઉજવાયો

વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ, વિસનગર દ્વારા વિસનગર મુકામે કુળદેવીશ્રી મહાકાળી માતાજીનો ૪૦મો પાટોત્સવ વિક્રમ સંવત ૨૦૮૧ના મહા કૃષ્ણ પક્ષ-૭ નાં ઉપક્રમે તા.૧૯-૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દ્વિદિવસીય માણેક પાટોત્સવ સ્વરૂપે આનંદના આવિષ્કાર સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો.

જેમાં તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ભારતીય ગરિમાયુક્ત પોશાકમાં સુસજ્જ જ્ઞાતિની ૧૬૧ માતાઓ,બહેનો, દિકરીઓ વિ.દ્વારા "શ્રી કાલિકા પુરાણ"નું સામુહિક અનુષ્ઠાન તેમજ સાંજે ૫-૦૦ કલાકે સંગીતજ્ઞ તેમજ સુમધુર કંઠ્યકાર અલખ કંસારા, પારુલ કંસારા એવમ્ વાદ્યકાર મિતુલ કંસારા દ્વારા "કાળી ચાલીસા પ્રેમથી પાઠ કરે અગીયાર સુખ સંપત્તિ બહુ વધે સુખી થાય પરિવાર" પંક્તિને આસ્થાયિત કરતાં ૧૧- મહાકાળી ચાલીસાના આવર્તનથી વિવિધ રાગમાં તાલ-લયબદ્ધ સૂરાવલીમાં અલૌકિક દિવ્ય વાતાવરણ કાલિકા ભુવનમાં સર્જાયું હતું, ત્યારબાદ સાંજે ૦૭:૩૦ કલાકે સ્વરુચિ ભોજન સમારંભ યોજાયો.છેલ્લે તે દિવસનું સમાપન રાત્રે માંડવીચોકમાં રાસગરબાની રમઝટ સાથે થયું.

તા. ૨૦-૦૨-૨૦૨૫નાં રોજ સવારે ૦૭-૦૦ કલાકે યજ્ઞશાળામાં યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો.જેમાં હિના-હાર્દિક મહેન્દ્રભાઈ કંસારા તથા વૈભવી-ઋષભ અતુલભાઈ કંસારા-વિસનગર દંપતિ યજમાન તરીકે લાભાન્વિત થયા હતા.

સવારે ૯-૦૦ કલાકે નિજ મંદિરમાં માતાજીના સન્મુખ ભૂદેવોની ઉપસ્થિતિમાં અભિષેક અને ચંડીપાઠ કરવામાં આવ્યા. બહેનોએ માતાજી સન્મુખ બેસી ભજન-કિર્તન કર્યા તે દરમ્યાન યુવા પેઢીનાં હર્ષોલ્લાસને ધ્યાનમાં લઈને આધુનિકતાના સ્પર્શના ભાગ સ્વરૂપે સવારે ૧૧-૦૦ કલાકે શ્રી મહાકાળી માતાજીના જન્મોત્સવની શ્રી મનિષભાઈ રમણીકલાલ કંસારા-જામનગર પરિવાર દ્વારા સુંદર "બર્થડે કેક" માતાજીને ધરાવી માતાજી સન્મુખ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.મધ્યાહ્ને ક.૧૨:૩૯ના વિજય મૂહુર્તે મંદિરના શિખરે વિજય પતાકાનાં પ્રતીક સમા ધ્વજારોહણની પરંપરાનું અનુસરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભોજન સમારંભ યોજાયો હતો. સાંજે ૦૫-૦૦ કલાકે સમૂહ ભજન-કીર્તન કરવામાં આવ્યા તેમજ સાથે- સાથે જ્ઞાતિના કાર્યાલયમાં કેળવણી મંડળનાં કારોબારી સભ્યો વચ્ચે એક ચર્ચા સત્ર પણ યોજાયું.જેમાં કેળવણી વિષયક નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપી, કેળવણી મંડળની ગતિવિધિને વેગવંતી બનાવવામાં આવી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કાલિકા માતાજીને નૈવેધ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ,સમગ્ર માણેક-પાટોત્સવ ને પ્રારંભથી લઈને પૂર્ણાહુતિ સુધી સફળ બનાવવા માટે જ્ઞાતિના સ્વયંસેવક ભાઈ-બહેનો, મંદિરના પૂજારીજી, દાનનો અસ્ખલીત પ્રવાહ વરસાવનારા જ્ઞાતિજનોનો, માતાજીના ધ્યાનાકર્ષક શૃંગાર કરનાર બહેનો, મંદિરને સુશોભિત કરનાર ભાઈઓ,ભોજનસમારંભના દાતાશ્રીઓ સર્વશ્રી

(૧) તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ શ્રી કાલિકાપુરાણ પારાયણ દિવસે બહેનોને બપોરે ફરાળ આપનાર- સુ.શ્રી અર્ચનાબેન ઈન્દ્રવદન નટવરલાલ કંસારા-મુંબઈ.

(૨) તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ સાંજે ભોજન આપનાર-સ્વ.શ્રી નવનીતલાલ રમણલાલ કંસારાની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે-હ.સુ.શ્રી નીતાબેન તથા વૈભવ નવનીતલાલ કંસારા- વિસનગર.

(૩) તા. ૨૦-૦૨-૨૦૨૫ના પાટોત્સવ દિવસે બપોરે ભોજન આપનાર-સ્વ.શ્રી રજનીકાંત શાંતિલાલ કંસારા તથા સ્વ.મિનાક્ષીબેન અશોકભાઈ કંસારાના સ્મરણાર્થે-હ.શ્રી એ.એસ. કંસારા- વિસનગર.

તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ મહોત્સવને સફળ બનાવનારા તમામનો જ્ઞાતિના પ્રમુખ શ્રી ભરતભાઈ કંસારા એવમ્ જ્ઞાતિની કારોબારીના સર્વ સભ્યોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી, કુળદેવીશ્રી કાલિકા માતાજીની અનુકંપા જ્ઞાતિજનો પર સદૈવ વરસતી રહે એવા આર્શીવચન પાઠવ્યા હતા. આમ સર્વે જ્ઞાતિજનોએ દ્વિદિવસીય "માણેક મહોત્સવ પાટોત્સવ"ના સમગ્ર કાર્યક્રમને હર્ષોલ્લાસ સાથે માણ્યો.

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.



# શ્રી મારું કંસારા મહિલા મંડળ જૂનાગઢ

# વિશ્વ મહિલા દિવસ

-પ્રમુખ - શ્રીમતી ક્રિષ્ના બારમેડા,
ઉપપ્રમુખ-શ્રીમતી હર્ષિતા પરમાર, મંત્રી-શ્રીમતી પારુલ બુદ્ધ



વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ, વિસનગર દ્વારા વિસનગર મુકામે કુળદેવીશ્રી મહાકાળી માતાજીનો ૪૦મો પાટોત્સવ વિક્રમ સંવત ૨૦૮૧ના મહા કૃષ્ણ પક્ષ-૭ નાં ઉપક્રમે તા.૧૯-૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દ્વિદિવસીય માણેક પાટોત્સવ સ્વરૂપે આનંદના આવિષ્કાર સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો.

જેમાં તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ભારતીય ગરિમાયુક્ત પોશાકમાં સુસજ્જ જ્ઞાતિની ૧૬૧ માતાઓ,બહેનો, દિકરીઓ વિ.દ્વારા "શ્રી કાલિકા પુરાણ"નું સામુહિક અનુષ્ઠાન તેમજ સાંજે ૦૫-૦૦ કલાકે સંગીતજ્ઞ તેમજ સુમધુર કંઠ્યકાર અલખ કંસારા, પારુલ કંસારા એવમ્ વાદ્યકાર મિતુલ કંસારા દ્વારા "કાળી ચાલીસા પ્રેમથી પાઠ કરે અગીયાર સુખ સંપત્તિ બહુ વધે સુખી થાય પરિવાર" પંક્તિને આસ્થાયિત કરતાં ૧૧- મહાકાળી ચાલીસાના આવર્તનથી વિવિધ રાગમાં તાલ-લયબદ્ધ સૂરાવલીમાં અલૌકિક દિવ્ય વાતાવરણ કાલિકા ભુવનમાં સર્જાયું હતું, ત્યારબાદ સાંજે ૦૭:૩૦ કલાકે સ્વરુચિ ભોજન સમારંભ યોજાયો.છેલ્લે તે દિવસનું સમાપન રાત્રે માંડવીચોકમાં રાસગરબાની રમઝટ સાથે થયું.

તા. ૨૦-૦૨-૨૦૨૫નાં રોજ સવારે ૭-૦૦ કલાકે યજ્ઞશાળામાં યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો.જેમાં હિના-હાર્દિક મહેન્દ્રભાઈ કંસારા તથા વૈભવી-ઋષભ અતુલભાઈ કંસારા-વિસનગર દંપતિ યજમાન તરીકે લાભાન્વિત થયા હતા.

સવારે ૯-૦૦ કલાકે નિજ મંદિરમાં માતાજીના સન્મુખ ભૂદેવોની ઉપસ્થિતિમાં અભિષેક અને ચંડીપાઠ કરવામાં આવ્યા. બહેનોએ માતાજી સન્મુખ બેસી ભજન-કિર્તન કર્યા તે દરમ્યાન યુવા પેઢીનાં હર્ષોલ્લાસને ધ્યાનમાં લઈને આધુનિકતાના સ્પર્શના



ભાગ સ્વરૂપે સવારે ૧૧-૦૦ કલાકે શ્રી મહાકાળી માતાજીના જન્મોત્સવની શ્રી મનિષભાઈ રમણીકલાલ કંસારા-જામનગર પરિવાર દ્વારા સુંદર ‘‘બર્થડે કેક’’ માતાજીને ધરાવી માતાજી સન્મુખ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.મધ્યાહ્ને ક.૧૨-૩૯ના વિજય મૂહુર્તે મંદિરના શિખરે વિજય પતાકાનાં પ્રતીક સમા ધ્વજારોહણની પરંપરાનું અનુસરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભોજન સમારંભ યોજાયો હતો. સાંજે ૦૫-૦૦ કલાકે સમૂહ ભજન-કીર્તન કરવામાં આવ્યા તેમજ સાથે- સાથે જ્ઞાતિના કાર્યાલયમાં કેળવણી મંડળનાં કારોબારી સભ્યો વચ્ચે એક ચર્ચા સત્ર પણ યોજાયું.જેમાં કેળવણી વિષયક નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપી, કેળવણી મંડળની ગતિવિધિને વેગવંતી બનાવવામાં આવી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કાલિકા માતાજીને નૈવેધ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ,સમગ્ર માણેક-પાટોત્સવ ને પ્રારંભથી લઈને પૂર્ણાહુતિ સુધી સફળ બનાવવા માટે જ્ઞાતિના સ્વયંસેવક ભાઈ-બહેનો, મંદિરના પૂજારીજી, દાનનો અસ્ખલીત પ્રવાહ વરસાવનારા જ્ઞાતિજનોનો, માતાજીના ધ્યાનાકર્ષક શૃંગાર કરનાર બહેનો, મંદિરને સુશોભિત કરનાર ભાઈઓ,ભોજનસમારંભના દાતાશ્રીઓ સર્વશ્રી

(૧) તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ શ્રી કાલિકાપુરાણ પારાયણ દિવસે બહેનોને બપોરે ફરાળ આપનાર- સુ.શ્રી અર્ચનાબેન ઈન્દ્રવદન નટવરલાલ કંસારા-મુંબઈ.

(૨) તા. ૧૯-૦૨-૨૦૨૫ના રોજ સાંજે ભોજન આપનાર-સ્વ.શ્રી નવનીતલાલ રમણલાલ કંસારાની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે-હ.સુ.શ્રી નીતાબેન તથા વૈભવ નવનીતલાલ કંસારા-વિસનગર.

(૩) તા. ૨૦-૦૨-૨૦૨૫ના પાટોત્સવ દિવસે બપોરે ભોજન આપનાર સ્વ.શ્રી રજનીકાંત શાંતિલાલ કંસારા તથા સ્વ.મિનાક્ષીબેન અશોકભાઈ કંસારાના સ્મરણાર્થે- હ.શ્રી એ.એસ. કંસારા-વિસનગર.

તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ મહોત્સવને સફળ બનાવનારા તમામનો જ્ઞાતિના પ્રમુખ શ્રી ભરતભાઈ કંસારા એવમ્ જ્ઞાતિની કારોબારીના સર્વ સભ્યોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી, કુળદેવીશ્રી કાલિકા માતાજીની અનુકંપા જ્ઞાતિજનો પર સદૈવ વરસતી રહે એવા આર્શીવચન પાઠવ્યા હતા. આમ સર્વે જ્ઞાતિજનોએ દ્વિદિવસીય ‘‘માણેક મહોત્સવ પાટોત્સવ’’ના સમગ્ર કાર્યક્રમને હર્ષોલ્લાસ સાથે માણ્યો.





**મારે ધો.-૧૦ ના મુખ્ય વિષયોમાં ૩૫-૩૫ માર્કર્સ જ હતા, આજે આઈએએસ છું.**

**મારે ધોરણ ૧૦ માં મુખ્ય વિષયોમાં ૩૫-૩૫ ગુણ જ હતા, પરંતુ હું મારામાં રહેલી ક્ષમતાને ઓળખતો હતો. પરિણામે હું આજે આઈએએસ બની ભરૂચ કલેકટર તરીકે ફરજ બજાવું છું. જિંદગી તમને દરેક તબક્કે તક આપે છે. તે તકને તમારે ઝડપી લેવાની છે. તેથી જ હું બોર્ડના વિદ્યાર્થીઓને મેસેજ આપવા માગું છું કે, સારું કે ખરાબ પરિણામ તમારું જીવન નક્કી કરતું નથી. તમારી સામે ઘણી તક રહે રહેલી છે.**




# શ્રી મારું કંસારા સોની સમાજનું ગૌરવ

**કલાનો ત્રિવેણી સંગમ ધરાવનાર બહુમુખી પ્રતિભા અને પ્રેરણા સ્ત્રોત**

દીકરી પૂજા એટલે એકદમ નિખાલસ સ્વભાવ અને સમાજના દરેક કાર્યોમાં આગળ રહેતી અને નાના મોટા સૌને મદદ કરતી એક સુવર્ણકાર પરિવારની જ્ઞાન, શીલ, ચારિત્ર્ય, સંસ્કારથી સમ્મપન્ન સંતાન અને એમાં પણ જીવતરના બે કુળ તારનારી કટ્ટા પરિવારની દીકરી પૂજા કે જેને સમગ્ર સોની સમાજનું નામ દેશ - વિદેશમાં રોશન કર્યું છે ખરેખર ધન્ય છે દીકરી પૂજાના માતા - પિતા કે જેમને સાક્ષાત ભગવાન સ્વરૂપે દીકરી મળી છે.

તાજેતરમાં જ તેમના અનેક એવોર્ડની સાથે હાલમાં જ એક વધુ એવોર્ડનો ગર્વ સાથે ઉમેરો થયો છે. તારીખ ૮ માર્ચ શનિવારના રોજ વિશ્વ મહિલા દિન નિમિતે ગાંધીનગર ખાતે યોજાયેલ લેખન સ્પર્ધામાં પૂજા ભરતભાઈ સોની બેસ્ટ રાઉટર ટોફી અને વુમન આચિવર્સ એવોર્ડ સાથે સન્માનિત કરાયા હતા અને તેમનું વિશેષ સન્માન ઈન્ટરનેશનલ સ્વિમિંગ કોચ ડૉ. ધરાબેન ત્રિવેદીના વરદ્ હસ્તે કરાયું હતું ઉપરાંત પૂજાએ કાર્યક્રમ દરમિયાન પોતાની સ્વરચિત કાવ્ય રચના લોકો સમક્ષ રજૂ કરી હતી.

ઉપરાંત તારીખ ૯ માર્ચ રવિવારના રોજ સરદાર પટેલ યુનિવર્સીટી આદિશંકરચાર્ય ઓડિટોરિયમ આણંદ ખાતે કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલ સાહેબની ઉપસ્થિતિમાં વિશ્વ મહિલા દિન નિમિતે યોજાયેલ નારી રત્ન સન્માન સમારોહ ૨૦૨૫ કાર્યક્રમમાં પૂજા ભરતભાઈ સોનીની પસંદગી કરવામાં આવી હતી અને તેમને સન્માનિત મહિમાન માટે આમંત્રિત કર્યા હતા. તેમને સર્ટિફિકેટ, એવોર્ડ, ગિફ્ટ દ્વારા સન્માનિત કરાયા હતા. સાથે દીકરીના શ્રેષ્ઠ જીવનના ઘડતર માટે તેમના માતા શ્રીમતી દમયંતીબેન ભરતભાઈ સોનીનું વિશેષ અભિવાદન જાગૃતિ મહિલા સમાજ આણંદના પ્રમુખશ્રી ભારતીબેન પટેલ તેમજ ગુજરાતી ફિલ્મ અભિનેત્રી શ્રી મિતાબેન પટેલના વરદ હસ્તે મોમેન્ટો દ્વારા કરાયું હતુ. ઉપરાંત પૂજાએ પ્રોગ્રામ દરમિયાન તેમના પ્રતિભાવમાં ખાસ જણાવ્યું હતું કે જીવનમાં કોઇ પણ કાર્યમાં સફળતા પાછળ વ્યક્તિની મહેનત તો રહેલી જ હોય છે પરંતુ તે ઉપરાંત પણ પરિવારના સભ્યોનો સાથ સહકાર પણ એટલો જ જરૂરી હોય છે. આમ, કહી તેમની સફળતા પાછળનો વિશેષ શ્રેય માતા પિતા અને ભાઈને આપ્યું હતું અને પોતાના સુમધુર કંઠે પિતા માટે સુંદર મજાનું ગીત લોકો સમક્ષ રજૂ કર્યું હતું તેમનું અવાજ સાંભળી બધા આનંદિત થાય હતા

વાસ્તવ અને વિચારનું, રસાયણનું વર્ણનો દ્વારા આલેખન એ લેખિકાની લેખનની દિશા છે.પૂજાબેનની આ ઝળહળતી સિદ્ધિ બદલ તેમને અનેક સન્માન, મેડલ એવોર્ડ અને પ્રમાણપત્ર મેળવ્યા છે. કલાનો ત્રિવેણી સંગમ ધરાવનાર પૂજાબેન પોતાની લેખન માળા, લઘુકથા, બાળ વાર્તાઓ વગેરે પ્રસંગો અનુસાર લેખો અનેક વર્તમાન પત્રોમાં પ્રકાશિત થાય છે.

પૂજાની કલમની શક્તિએ તેને આ દિશા તરફ આગળ વધારી છે. લેખન શૈલીની સાથે તેમનામાં અનેક કળાઓ છે. તેઓ કલમ તો ચલાવી જાણે છે પણ સાથે માં સરસ્વતીના આશીર્વાદ પણ તેમના પર રહેલા છે. સંગીત ક્ષેત્રે પણ સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીમાં અનેક એવોર્ડથી સન્માનિત થઈ ચૂક્યા છે અને સારી નામના મેળવી છે તેથી જજ તરીકે પણ પોતાની ફરજ બજાવે છે. સાથે સાથે આર્ટિકલ લખે છે, ભરત ગુથણ કરી જાણે છે, મેકઅપ આર્ટિસ્ટ છે, અનેક ફોટોગ્રાફી સ્પર્ધા પણ વિજેતા થયા છે, પોતાના મીઠાં અવાજથી એન્કરિંગ અને ગાવાનો પણ શોખ ધરાવે છે. કોઈ એક વ્યક્તિમાં આટલી કળા હોય!! હા, આપણા જ્ઞાતિની દીકરી પૂજા કટ્ટામાં એક સાથે આટલી કળા છે અને તેનો ઉપયોગ તેઓ બખૂબી કરી જાણે છે.

નાની ઉંમરે સિધ્ધિઓ હાંસલ કરનાર પૂજાબેન ભરતભાઈ કટ્ટાને જ્ઞાતિ પરિવાર વતી ખૂબ શુભેચ્છાઓ. તેઓ આમ જ પોતાના પરિવાર અને શ્રી મારું કંસારા સોની સમાજનું નામ રોશન કરતા રહે.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

# ધુળેટીપર્વે શ્રીમદ્ ભગવદ્ ગીતાના રંગે રંગાઈએ

- ધારા બારમેડા (ગામ- સ્વાપર)

પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે, ''હું જ્યારે-જ્યારે મૂંઝાઉં છું ત્યારે - ત્યારે ગીતા માતા પાસે દોડી જાઉં છું.''

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી એવા સુનિતા વિલિયમ્સ જ્યારે ઈ.સ. ૨૦૧૨ માં સ્પેસ સ્ટેશનમાં ગયા ત્યારે તેઓ પોતાની સાથે ગણપતિજીની મૂર્તિ અને ગીતાજીને લઈ ગયા હતા, જે સાબિત કરે છે કે ગીતાજીએ તેમના જીવનમાં કેટલો પ્રભાવ પાડેલ છે.

૨૦મી સદીના ગ્રેટ ઈન્વેટર એવા નિકોલા ટેસ્લાએ પોતાના પુસ્તક Man's Greatest Achievement માં એક સંસ્કૃત શબ્દ 'આકાશ' અને 'પ્રાણ' નો ઉલ્લેખ કર્યો છે જે વૈદિક બાબતથી અને ભારતીય ગ્રંથથી જોડાયેલો છે. આમ, ગ્રંથોના વાંચનથી તેઓ પ્રભાવિત થયા હશે એવું કહી શકાય.

દુનિયાના મહાન રસાયણશાસ્ત્રી એવા આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે,

"When I read the Bhagavad Gita and reflect about how God created this universe everything else seems so Superfluous."

ભારતીય હિન્દુ શાસ્ત્રોથી પ્રભાવિત થયેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈન રવીન્દ્રનાથ ટાગોર સાથે પત્ર વ્યવહારથી હંમેશા હિન્દુ ગ્રંથોની વાત કરતા. ઈ.સ. ૧૯૩૦માં જ્યારે તેમની રવીન્દ્રનાથ ટાગોર સાથે રૂબરૂ મુલાકાત થઈ ત્યારે તેઓએ ગીતા પર વિસ્તૃત વાત કરી. તેઓ કહેતા કે શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા આપવામાં આવેલ જ્ઞાનને બ્રહ્માંડ સાથે જોડવાથી મને મહેનત કરવાની પ્રેરણા મળે છે.

American Theroetical Physicist J. Robert Oppenheimer કે જેઓ Father of the Automic Bomb તરીકે ઓળખ ધરાવે છે, તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાના વાંચન માટે સંસ્કૃત ભાષા શીખ્યા. જ્યારે અમેરિકાએ જાપાનમાં હિરોશિમા અને નાગાસાકી પર બોમ્બ ફેંક્યો ત્યારે તેઓ ખૂબ જ દુઃખી થયા અને કહ્યું, ''હું દુનિયાનો વિનાશ કરવાવાળો બની ગયો છું.'' મને હિન્દુશાસ્ત્ર ગીતાની પંક્તિ યાદ આવે છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું વિરાટ સ્વરૂપ ધારણ કરી અર્જુનને સમજાવે છે કે, ''હું વિશ્વનો નાશ કરવાવાળો મહાકાળ છું. આ સમય હું અધર્મનો નાશ કરવા માટે જનમ્યો છું.''

અને તાજેતરમાં જ ઓલિમ્પિક વિજેતા થયેલા ભારતીય રમતવીરોને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે, 'રમતની છેલ્લી તનાવની ઘડીએ તમે શું વિચારતા હતા?' તો જવાબ મળ્યો 'ગીતાજીના શ્લોક'.

હવે, જો ખરેખર દેશ અને વિદેશમાં પણ હિન્દુ ધર્મગ્રંથ એવા ગીતાજીનું ખૂબ મહત્વ છે તો આપણે સૌએ પ્રથમ તો ગર્વ લેવું જોઈએ અને બીજું તો એક હિન્દુ તરીકે આપણને પણ આપણા ધાર્મિક ગ્રંથોનું સાનિધ્ય પ્રાપ્ત કરવું જ જોઈએ અર્થાત ગીતાજીનું પઠન કરવું જ જોઈએ.

હવે ગીતાજીનું પથન કરતા પૂર્વે ગીતાજીની સંકલ્પતા તો સ્પષ્ટ હોવી જોઈએ ! તો શ્રીમદ્ ભગવદ્ ગીતા એટલે કે ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી પ્રગટ થયેલું અને અર્જુનની પ્રત્યેક સમસ્યાઓનું સચોટ સમાધાન આપતું ગ્રંથ.

અહીં એક વાત આપણને સૌએ નોંધવા જેવી છે કે અર્જુનની સમસ્યા એ માત્ર તે સમય પૂરતી જ સીમિત ન હતી, પરંતુ ઘડીક ચિંતન કરશો તો જરૂરથી જાણી શકશો કે પ્રવર્તમાન સમયની સમસ્યાઓ પણ કંઈક એ જ પ્રકારની છે અને માટે જ કહી શકાય કે ૨૧મી સદીનો માનવ જ્યારે ધાર્યું ન થતાં અણધાર્યું કરી બેસે છે અને પાછળથી પસ્તાય છે ત્યારે આવું ન બને તે માટે આ ગ્રંથ આપણા સૌના માટે સારથિ સમાન ખડો છે. બસ જરૂર છે તો તેના અભ્યાસની ? જરૂર છે તેના પર ચિંતન કરવાની, જરૂર છે તેના મહત્વને સમજવાની, જરૂર છે તેને જીવનમાં કેળવવાની, જરૂર છે તેના રંગે રંગાવવાની.

આપણા સૌ માટે આ એક સુવર્ણ અવસર છે કે રંગોનો તહેવાર એવો ધુળેટીપર્વ આવી જ રહ્યો છે ત્યારે આપણે સૌ આપણા જીવનમાં એક પાકા રંગ તરીકે શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાન રંગથી રંગાવવા માટે પ્રતિબદ્ધ બનીએ અને આપણા માનસ પર આ રંગનો એવો પ્રભાવ પાડીએ કે અંતિમ શ્વાસ સુધી એ રંગ ન ઉતરે.

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# પુરુષાર્થ થી બદલાય છે ભાગ્ય

- કમલેશ કંસારા (અમદાવાદ)


માનવ જીવનનું લક્ષ્ય છે આનંદ પ્રાપ્તિનું . એક સમાજ સેવાને ગરીબોના હીતોની સહાયતામાં આનંદ આવે છે, એક લેખક ને લખવામાં અને એક ભક્તને ઈશ્વરની આરાધનામાં આનંદ આવે છે. કેટલાક ને માટે ધન પ્રાપ્તિ, યશ પ્રાપ્તિ અને ભૌતિક વસ્તુઓના પ્રયોગમાં આનંદ મળે છે. કેટલાક લોકો કર્મના ફળમાં આનંદ મેળવે છે તો કેટલાંક માત્ર કર્મને મહત્વ આપે છે.

ભાગ્ય જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ક્યારેક એવું જોવા મળે છે કે કોઈ પણ વ્યક્તિને મહેનત વિના ફળની પ્રાપ્તિ થાય છે. જ્યારે કેટલાંક દિવસ-રાત પરસેવો પાડે છે. છતાંય ફળની પ્રાપ્તિ થતી નથી. એક યુવાન નોકરી માટે ઈન્ટરવ્યુ આપે છે. બધું જ ઠીક ઠાક થઈ જાય છે. પરંતુ એને એ નોકરી નથી મળતી. ત્યારે એના મનમાં સંશય જાગે છે કે જરૂર કોઈ લાગવગ વાળી વ્યક્તિને નોકરી મળી હશે ! મનુષ્યના ભાગ્યમાં જેટલું ધન લખ્યું હશે એટલું જ એને મળશે, ભલે તે શ્રીમંત ના મહેલમાં કેમ રહેતો ના હોય. માનવી પોતાના પૂર્વ જન્મમાં કરેલા શુભ-અશુભ કર્મો દ્વારા જ આગળના જન્મમાં ફળ ભોગવે છે. સૂર્ય અને ચંદ્રમાં પણ રાહુથી ગ્રસિત થાય છે. જોવા મળે છે કે વિદ્વાન ને બુદ્ધિમાન ગરીબ રહી જાય છે જ્યારે મૂર્ખ સંપત્તિવાન બની જાય છે. સ્પષ્ટ છે કે ભાગ્ય બળવાન છે.

ભાગ્યની શક્તિ અમોઘ છે. લેખકો-કવિઓએ પણ ભાગ્યને મહત્વ આપ્યું છે. ભાગ્ય રાજાને રંક અને રંક ને રાજા બનાવી દે છે. જીવનમાં આપણે જોઈએ છીએ કે પ્રત્યેક વ્યક્તિ વિદ્યા, ધન, યશ-માન-કિર્તિની પ્રાપ્તિને માટે અને સુખ હેતુ ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિને માટે કંઈક ને કંઈક અવશ્ય કાર્ય કરે છે. દૂધને દહીં બનાવ્યા બાદ વલોવવાથી માખણ અને માણખને ગરમ કરવાથી ઘી પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે જીવનમાં પુરૂષાર્થ વિના ભાગ્યને પલટાવી શકાતું નથી. થાળીમાં પડેલા ભોજનને જો હાથ વડે ખાવાનો પ્રયત્ન નહી કરીએ તો આપણું પેટ નથી ભરાવવાનું. આથી સ્પષ્ટ છે કે ભાગ્યમાં પણ કર્મ જ કાર્ યકરે છે. ભાગ્ય મનુષ્યના જીવનને બદલે કે ન બદલે, પરંતુ પુરૂષાર્થ જરૂર ભાગ્યને બદલી નાંખે છે. આ સંસારમાં અનેક વ્યક્તિઓ એવી છે કે જે ગરીબ-નિર્ધન પરિવારમાં જન્મ લઈને વિશ્વના શિખર પર બિરાજમાન થયા છે. જેમાં એમનો પ્રચંડ પુરૂષાર્થ મદદરૂપ થયેલ છે.

વિદ્વાનોનો મત છે કે કાર્ય પુરૂષાર્થથી સિદ્ધ થાય છે. મનોરથથી નહી. જંગલના સિંહને ભોજન પ્રાપ્ત કરવાને માટે શિકાર કરવો પડે છે. એજ પ્રકારે લક્ષ્મી પ્રાપ્ત કરવાને માટે મહેનત કરવી પડે છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે કર્મ કરો, ફળની ચિંતા ના કરો. એવું ના બને કે ફળની ચિંતામાં તમે નિષ્ક્રિય બની જાઓ. પરિશ્રમ માનવીના જમણા હાથમાં છે તો સફળતા ડાબા હાથમાં. વ્યક્તિ સિંહ જેવી શક્તિ ધરાવે તો જ તેને લક્ષ્મી પ્રાપ્ત થાય એવું નથી. શક્તિની સાથે મહેનત પરિશ્રમ પણ જોઈએ. ભાગ્યના સહારે બેસી રહેવું એ કાયરતા છે. પૂરી શક્તિ સાથે પુરૂષાર્થ કરો, યોગ્ય ફળ ન મળતા ચિંતા ના કરો, કે ક્યાંક કાર્યમાં ઉણપ રહી હશે. ભાગ્ય અને પરિશ્રમનું પરસ્પર યોગદાન છે અને જીવનની ઉન્નતિમાં બંને સહાયક છે.

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Mony Samir Kansara |
| Birth Time | : 2-00 AM |
| Birth Place | : Dabhoi |
| Date of Birth | : 29th September 1997 |
| Weight | : 65 KG |
| Height | : 5 feet 10 inch |
| Education Deta. | : B.Tech. Computer Science Engineer, From Ganpat Univercity Ahmedabad |
| Profession | : Digial Reach Pvtl. Limited. |
| E-mail | : monykansara29@gmail.com |
| Native | : Ahmedabad |
| Hobby | : Travelling, Reading books, Footboll, Cricket. |
| Mobile No. | : 8733821299 |
| Grand Father | : Bipinbhai Babulal Kansara |
| Father Name | : Samir Bipinbhai Kansara |
| Mother Name | : Ami Samir Kansara |
| Yonger Sibling | : Divya Kansara (B.Tech Computer Science, Ahmedabad) |
| Maternal | : Lt. Niranjanbhai B. |
| Address | : 9, Tulsi Wor House, Jodhpur Gam Road, Satellite, Ahmedabad-380015. |

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com


**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*

We are also the menu. of wall clocks& wall clock hands




# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810

Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187

**Mishal P.Meghani**
820-0524436



ME CANS



# Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com



# MATRIMONIAL

**Name :**
Shaili Bhupendrabhai Khakhi

**Birth Date :**
27th January 2001

**Time and Place :**
06:30 A : Halvad, Morbi

**Height :**
5' 1"

**Weight :**
51 kgs

**Qualification :** Chartered Accountant
Bachelor of Commerce
(M. S. University, Vadodara)

**Occupation :** Working as a Senior executive finance for a US based reputed MNC in Vadodara.

**Community :** Kansara Vaishnav

**Native Place :** Halvad, Morbi

**Father's Details :** Bhupendra Laljibhai Khakhi
Business - Kitchen Appliance.
Krishna Vasan Bhandar, Halvad.

**Mother's Details :** Anita Bhupendrabhai Khakhi
Homemaker

**Sibling's Details :** Hirva Khakhi (Pursuing B.com -MSU)
Madhav Khakhi (11th std)

**Paternal Grandparents :** Laljibhai Tribhovandas Khakhi
Late Smt. Manjulaben Laljibhai Khakhi

**Maternal Grandparents :**
Chimanlal Laxmichang Dangi- wadhvan
Prabhaben Chimanlal Dangi

**Family Details :** Uncle: Rajesh Laljibhai Khakhi
Kamlesh Laljibhai Khakhi
Aunty: Sudha Rajesh Khakhi

**Hobbies :** Enjoy exploring different art forms, cooking, and traveling

**Contact :** Father: +91 9428238989
Uncle:- +91 9428238988 (Rajesh Khakhi)

**E-mail :**
bhupendrakhakhi86@gmail.com

**CHOICE OF LIFE PARTNER :**

**Caste :** Kansara Vaishnav

**Educational :** Professional /MD/Masters or equivalent

**Occupation :**

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: **Phone** :
+91-2637258668 / 250667

: **Email** :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: **Website** :
www.windwell.com



અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

**કંસારા મણીલાલ દીયાળજી**

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.



Making Things Happen
Reliable Solar

**સરકાર દ્વારા રજિસ્ટર્ડ**
**ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર**

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



**40% સુધી ફાયદો**

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020



Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

NT

**Navneet Traders**
**નવનીત ટ્રેડર્સ**

**Gold Silver Merchant**

Intercome - *002
2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1




ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠિત અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન નામની શૈક્ષણિક સંસ્થા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી એવમ્ ઉત્તર પ્રદેશના પ્રવર્તમાન રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સ્થાપિત અને સંચાલિત છે. આ સંસ્થા પ્રતિવર્ષ Ph.D.થીસીસને આમંત્રિત કરે છે.અચલા એજ્યુકેશનની કાર્યવાહક સમિતિ અને વિષય તજજ્ઞ સમિતિ દ્વારા ઉત્કૃષ્ટ થીસીસને સિલેક્ટ કરી પુરસ્કૃત કરે છે.

આ સંદર્ભે તા. ૧૬-૦૨-૨૦૨૫ના રોજ શ્રીમતી સુમિત્રા (પૂર્વ લોકસભા અધ્યક્ષ, દિલ્હી) ઋષિકેશ પટેલ (આરોગ્ય મંત્રી) ભાગ્યેશ જાહા (પૂર્વ I. A. S.) મફતભાઈ પટેલ, અનાર પટેલ અગ્રણીઓની ઉપસ્થિતિમાં, મહામહિમ રાજસ્થાનના રાજ્યપાલ શ્રી હરિભાઉ બાગડેજીના વરદ્ હસ્તે "ડૉ. મફતલાલ પટેલ સંશોધન પારિતોષિક" Ph. D. શોધાર્થી પ્રા. ડૉ. નિરવ કંસારા (શોધાર્થીઓના ઉત્કૃષ્ટ મહાશોધ નિબંધના Ph. D. Research Work આધારે તેઓને શાલ, શીલ્ડ અને રૂા. ૧૦,૦૦૧ પુરસ્કૃત ધન રાશિથી નવાજવામાં આવ્યા. આ પ્રસંગે ડૉ. નિરવ કંસારાને ખૂબ ખૂબ અભિનંદન.......

## નવા આજીવન સભ્યોની યાદી

૧. કંસારા ભાવેશકુમાર પ્રવિણભાઈ (એડવોકેટ) - જોરાવરનગર
૨. ભરુચવાલા કશ્યપ રાકેશકુમાર - સુરત
૩. કંસારા ધર્મિનભાઈ નૈમિષભાઈ - સુરત
૪. શેઠ પૂર્વિબેન મહેશકુમાર - રાજકોટ

# MATRIMONIAL



**Name :**
Hem Pranav Jhaveri
**Age :** 26
**Date of birth :**
03rd Nov, 1996
**Occupation :**
Hospitality Management
**Address :**
Mississauga, Ontario, Canada
**Phone Number :**
289-233-8337.
**Email :**
hemjhaveri3@gmail.com

**About Me**

I am a tall, athletic dark-haired man with an optimistic disposition. In 2015,

I graduated from East Stroudsburg High School (USA). Completed my degree from Aatharva college (Mumbai) in 2020 & my Post Graduation in hotel and Resort Management from Lambton collage (Canada) in 2022. Currently I'm working under work permit and have applied for permanent residency.

**MY PROFILE**

| | |
|---|---|
| Birth Time | : 4:29 (a.m.) |
| Place of birth | : Visnagar |
| Nationality | : Indian |
| Relgion | : Hindu |
| Caste | : Vaishnav |
| Rashi | : Scrorpio |
| Height | : 6"4' |
| Weight | : 841b |
| Education | : BSc in Hospitality Management |
| Occupation | : Manager |
| Languages | : English, Hindi, Gujarati, Marathi |

**FAMILY BACKGROUND**

| | |
|---|---|
| Father's Name | : Pranav Jhaveri |
| Father's Prof. | : Service |
| Mother's Name | : Sapana Jhaveri |
| Mother's Prof. | : Home Maker |
| Siblings | : None |
| Family Type | : Nuclear |
| Social Class | : Upper-Middle Class |
| Current Resi. | : -Ahmedabad (Gujarat) |

**My Expectation**

I'm atthe stage of my career and life where I have achieved satisfactory experience and se sufficiency. I'm looking for an understanding and reliable life partner.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# બુચ પરિવારનું ગૌરવ



જ્ઞાતિ એક બાજુથી અનેક પરિવારોને જોડે છે અને બીજી બાજુથી રાષ્ટ્રના ઘડતરમાં પણ મહત્વનો ફાળો આપે છે આ જ્ઞાતિ જ્યારે પોતાના નાનામાં નાના એકમ એટલે કે વ્યક્તિને પુરસ્કાર કરે છે વધાવે છે ત્યારે અન્યને પણ પ્રેરણા આપવાનું અને ઉત્સાહ વધારવાનું કાર્ય કરે છે.

જ્ઞાતિના આ પ્રોત્સાહનથી આગળ વધેલ બુચ પરિવારના તેજસ્વી તારલાએ ઘર-પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારી દેશના વિકાસ તરફ પગલા ભર્યા છે એની વાત કરવી છે.

સ્વર્ગસ્થ હિંમતલાલ ત્રિભોવનદાસ બુચ પરિવારના બુચ ધ્રુવ પરાગભાઈ એ પોતાની તેજસ્વી શૈક્ષણિક પ્રતિભાના જોરે અમદાવાદની સુપ્રસિદ્દ નિરમા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનીયરીંગમાં કમ્પ્યુટર એડીટ સ્ટ્રકચરલ એનાલિસીસ અને ડિઝાઈનમાં વિશેષતા સાથે માસ્ટર ઓફ ટેકનોલોજીમાં ઝળહળથી સિધ્દી પ્રાપ્ત કરી ડિસ્ટીંગકશનમાં ૮૯.૩૦% સાથે ફર્સ્ટ કલાસ પ્રાપ્ત કરી ઘર-પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

તા. ૨૨-૧૧-૨૦૨૪ ના રોજ નિરમા યુનિવર્સિટીના વિશાળ કેમ્પસમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમુદાય સમક્ષ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને એક્ઝિક્યુટીવની હાજરીમાં શ્રી સંજીવકુમાર બોહરાના સ્વહસ્તે ચિરંજીવી ધ્રુવ બુચને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યો ત્યારે સ્નેહિજનો અને ગુરૂજનોએ એને તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યો હતો.

ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને ધ્રુવ બુચે દાદા હિંમતલાલ દાદી લીલાવતીબેન માતા-પિતા ધર્મિષ્ઠાબેન અને પરાગભાઈ અને માસા-માસી સંજયભાઈ અને રૂપલબેન તથા બુચ પરિવારનું ગૌરવ વધાર્યુ છે. બન્ને બહેનો મીરા અને દ્રષ્ટીના આનંદમાં વધારો કર્યો છે હર્ષ અને ગૌરવની આ પળે બુચ પરિવાર જ્ઞાતિજનોનો પણ એટલો જ આભાર માને છે. જ્ઞાતિએ ડગલે ને પગલે જે ઉત્સાહ વધાર્યો છે અને પ્રોત્સાહન આપ્યું છે એ માટે બુચ પરિવાર આનંદ અને આભારની લાગણી અનુભવે છે.

॥ જયશ્રી ગોપાલ ॥

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | Mavani Dhyey Prafulbhai |
| Cast | : | Gujarati Kansara |
| DOB | : | 14-11-1996 |
| Place Of Birth | : | Ahmedabad |
| Time | : | 11-00 AM |
| Hight | : | 5'.10" |
| Weight | : | 76 Kg |
| Education | : | B.E Mechenical |
| Occupation | : | Job-Siemens Limited India, Vadodara |
| Income | : | 8.15 LPA |

**Family Back Ground**

| | | |
|---|---|---|
| Father | : | Praful Manharlal Mavani |
| Native | : | Sihor-Bhavnagar |
| Occupation | : | Business |
| Mother | : | Neetaben |
| Occupation | : | House wife |
| Brother | : | Siddhant mavani-Younger |
| Mosal | : | Prataprai Manilal Shah, Bhavnagar |
| Address | : | 2, Pallav Apartment, Kaileshnath Society, Bhairavnath Road, Maninagar, Ahmedabad-380008 |
| Cell | : | Prafull Mavani 9427068316<br>Neeta Mavani 6354103946 |

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| Full Name | : | Nirav Chandravadanbhai Kansara |
| Date of Birth | : | 06/ Nov/1994 |
| Birth place | : | Nadiad |
| Height | : | 5'.8" |
| Weight | : | 71 |
| Hobbies | : | Cricket, Reading Books, Travelling |
| Gender | : | Male |
| Religion/Caste | : | Hindu |
| Mother Tongue | : | Gujarati |
| Nationality | : | Indian |
| Marital Status | : | Single |

**CONTACT INFORMATION:**

| | | |
|---|---|---|
| • Phone | : | 7802007553 / 8849477041<br>[ Mukeshbhai Kansara]<br>7874690073 – [Bhupendrabhai Kansara]<br>8200261833 [Nirav Kansara] |
| • Email | : | kansara.nirav1234@gmail.com |

**FAMILY DETAILS:**

| | | |
|---|---|---|
| Father Name | : | Chandravadanbhai Manshukhlal Kansara |
| Father's Occ. | : | Business man |
| Mother Name | : | Charuben Chandravadanbhai Kansara |
| Mother's Occ. | : | House wife |
| Address | : | A-1 Laxmi Krupa Society Vaishali Road Nadiad - 387002 |
| Siblings | : | 1 Brothers - Married |

**EDUCATION AND PROFESSION:**

| | | |
|---|---|---|
| Highest Qualifi. | : | M.tech In Computer Science & Engi. |
| University/College | : | Parul University |
| Occupation | : | Assistant Professor at Parul University |
| Employer | : | Parul University |
| Location | : | 1. Current City/State: Vadodara - Gujarat<br>2. Native Place: Nadiad - Gujarat |

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ

સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

## શ્રધ્ધાંજલિ



### ગૌ.વા.અ.સૌ. અરુણાબેન ભરતભાઈ લાલાણી

**સ્વર્ગવાસઃ સંવત ૨૦૮૧ ના ફાગણ સુદ ૯ (નોમ) ને શનિવાર, તા. ૦૮/૦૩/૨૦૨૫**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા અને ફોરમ છોડી ગયા.
તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ, ઉદાર પરોપકારી વૃત્તિ,
અને કૌટુંબીક ભાવના હર હંમેશા યાદ રહેશે.

પરમ કૃપાળુ શ્રી ઠાકોરજી દિવંગતના પવિત્ર આત્માને સાશ્વત શાંતિ અર્પે અને શ્રીજી પ્રભુના નિજ ચરણમાં વ્રજમાં વાસ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. પ્રભુ ઈચ્છા બળવાન.

**લિ. ભરતભાઈ જયંતિલાલ લાલાણી**

**(મોબાઈલ નંઃ ૯૮૨૪૦૩૭૫૯૭)**

વિશાલ ભરતભાઈ લાલાણી — મોનિકા વિશાલ લાલાણી
ધર્મેશ ભરતભાઈ લાલાણી — બ્રિજલ ધર્મેશ લાલાણી

ચિ. પ્રિશા, ચિ. ત્વિશા અને ચિ. બ્રિશના દંડવત સહ જય શ્રી કૃષ્ણ

**ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (સુરત)**
**મો. નં. : ૮૯૮૦૩ ૬૬૩૩૬**

### "ઋતુ ચક્ર"

આવ્યો કાળઝાળ ઉનાળો, આવ્યો કાળજાલ ઉનાળો,
સુરજ દિવસે કોપ વરસાવે, વરસાવે સતત અગનગોલો,
ધરતી કેરી કાયા સળગાવે, પીતો સાત સમંદર પાણી,
નદી-નાલાં, તળાવો ખાલી, પાણી પીને વાદળો રચતો,
ખારૂં પાણી, મીઠું કરતો, વરસાવે ભર ચોમાસે પાણી,
ધરતીમાં ફળ-ફુલ અન્ન ઉગાડે, પોષણ કરવા જીવન-પ્રાણી,
ઉપરવાળો ઋતુચક્ર ચલાવે, વારાફરતી બધી ઋતુઓ આવે,
ઉનાળે કદી ફરિયાદ ન કરવી, શિયાળે ઠંડી સહન જ ન કરવી,
વર્ષામાં વરસાદે પ્રેમે ભીંજાવુ, લેવો જીવનનો સહજ લ્હાવો,
શાણા થઈને સૌએ રહેવું, પ્રભુ આપે તે સહન કરવું,
અદ્ભુત આવી પ્રભુની લાલ, કદી પાર ન પામે પામર પ્રાણી,

### ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદ

**ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ- અમદાવાદ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય/લોન આપવામાં આવે છે જે પૈકી નીચેના વિદ્યાર્થીઓ દ્વારા લોન પરત કરેલ છે.**

**રૂા. ૧૦૦૦૦ કંસારા રિયા હર્ષદભાઈ- અમદાવાદ. (પૂરેપૂરી પરત)**

**રૂા. ૧૫૦૦ કંસારા હર્ષલ ધર્મેન્દ્રભાઈ- મોડાસા - પ્રથમ હપ્તો (રૂા. ૩૦૦૦૦ પેટે)**

**રૂા. ૧૫૦૦ કંસારા હર્ષલ ધર્મેન્દ્રભાઈ- મોડાસા - બીજો હપ્તો (રૂા. ૩૦૦૦૦ પેટે)**

**રૂા. ૨૫૦૦ કંસારા હર્ષલ ધર્મેન્દ્રભાઈ- મોડાસા - ત્રીજો હપ્તો (રૂા. ૩૦૦૦૦ પેટે)**

**ટ્રસ્ટમાંથી બીજા વિદ્યાર્થીઓએ લીધેલ લોન /સહાય જરૂરિયાત પૂર્ણ થયેથી લોન/સહાય પરત કરવા નમ્ર વિનંતી છે. જેથી બીજા વિદ્યાર્થીઓને લોન/સહાય આપી શકાય.**

**ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટને આપેલ અનુદાન ઈન્કમટેક્ષની કલમ ૮૦-જી હેઠળ કર રાહતને પાત્ર છે.**

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)



શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રદ્ધાંજલિ

## સ્વ. અ.સૌ. નિર્મળાબેન દેવેન્દ્રકુમાર કંસારા

**જન્મ તા. ૧૫-૧૦-૧૯૪૭ ● સ્વર્ગવાસ તા. ૨૫-૦૧-૨૦૨૫**

**"મોગરાના ફુલ સખી મોગરાના ફુલ,**
**શ્રીજીને વ્હાલા સખી મોગરાના ફુલ."**

આવું અમારુ મોગરાનું ફુલ સ્વ.અ.સૌ. નિર્મળાબેન (ભાભુ) હવે શ્રીજીના ચરણકમલને સુવાસિત કરશે. આ એક યોગનિષ્ઠ અને યોગભ્રષ્ટ જીવાત્મા તેના જન્મ-મરણના ફેરા પુરા કરવા અમારે ત્યાં આવ્યા અને બધાને રડાવી ગયા. ફુલ ગયુ પણ ફોરમ રહી ગઈ. સંયમશીલ, કર્મશીલ, ભક્તિશીલ અને શ્રીજી સિવાય બીજુ કાંઈ ન ખર્ચે એવા અમારા કુટુંબના મોભી ભાભુને લાખ લાખ વંદન. અમારી સાત પેઢીના તારણહાર માટે શબ્દો પણ ઓછા પડે છે.

**હમ યાદો કે દીપ જલાયે,**
**ઔર આંસુ કે ફુલ ચઢાયે."**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાના અક્ષરધામમાં શરણ-ચરણમાં અખંડ રાખે . આપના સદૈવ ઋણી એવો આપનો પરિવાર.

**ઋણાનું બંધી**

સ્વ. અંબાલાલ મણીલાલ કંસારા પરિવાર
દેવેન્દ્ર અંબાલાલ કંસારા
સ્વ. હર્ષદ અંબાલાલ કંસારા
સ્વ. દિનેશ અંબાલાલ કંસારા
બાલકૃષ્ણ અંબાલાલ કંસારા

હરેશકુમાર કે. કંસારા
અમિતકુમાર એમ. કંસારા
જતીનકુમાર બી. પટેલ
દર્શનકુમાર એ. કાણકીયા

કંસારા નાગરદાસ મોતીચંદ
(માણસાવાળા) અમદાવાદ

ઉમેશ
ચિંતવન
પ્રણવ
દિપક
ગૌરવ
ચેતક
વિજય

**દેવેન્દ્ર મો. : ૯૩૭૭૩૯૮૮૪૫**
**બાલકૃષ્ણ મો. : ૯૪૨૬૪૬૧૯૬૯**

॥ જય શ્રી ગોપાલ ॥

॥ વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... ॥



## ॥ શ્રદ્ધા-સુમન ॥

## શ્રી શાંતિલાલ વ્રજલાલ કલથીયા (ઉ.વર્ષ ૮૬)

**ગૌ.વા. તા. ૨૬-૦૨-૨૦૨૫, બુધવાર (ફ્લોરિડા U.S.A.)**

**શ્રી લક્ષ્મીચંદભાઈ વ્રજલાલ કલથીયા - ભાઈ (વર્જીનિયા U.S.A.)**

**ડૉ. અક્ષય શાંતિલાલ કલથીયા - પુત્ર (ફ્લોરિડા U.S.A.)**

**ઉદય શાંતિલાલ કલથીયા - પુત્ર (ન્યુજર્સી U.S.A.)**

**નાં પરિવારજનો**

**સહ**

**ગૌ.વા. કંસારા વ્રજલાલ ચકુભાઈ પરિવાર સિહોરનાં જયશ્રી ગોપાલ**

Spread - 94285 91506

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

**Kansara Modler Limited**
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

**World Class Rollers For The Whole World**

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષોં દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦